લાયક: "જૈનજ્યોત પ્રસારક અને તત્ત્વશોધક સભા"ના મેમ્બરોને ભેટ.

વ્યવહારોપયોગી સંક્ષિપ્ત

# શિક્ષાપત્રી.

પ્રગટ કરનાર—ઉપરના નામની સભા.

સંવત ૧૯૪૭

અમદાવાદ—આર્યોદય પ્રેસ.



મુલ્ય એક આનો.

# ૪૬૭૨

## નીચે લખેલી શિક્ષાઓ સંસાર વ્યવહારમાં અતિ મુલ્યવાન અને સર્વદા ઉપયોગી છે.

## ઉદ્યોગ.

૧ ઉદ્યોગ એ સઘળાં સારાં નસીબનું મૂળ છે, અને તેથીજ સારાં નસીબ થાય છે.

૨ વખતની કીંમત અમુલ્ય છે, એટલે સુવર્ણ કે હીરાથી પણ વધારે છે.

૩ વખત ઉદ્યમ વગર ગુમાવવો નહીં; હમેશાં સુતી વખતે વખત ગુમાવ્યાનો હીસાબ કરવો.

૪ ઉદ્યોગ કરે તેને પરમેશ્વર સહાય કરે છે; ભીખ માગવાની વૃતી છોડી દેવી.

૫ નાનું ઝાડ વાળે તેમ વળે, માટે ના-

નપણથી ઉદ્યોગનો અને નિયમિત વખતે કામ કરવાની ટેવ પાડવી અને પડાવવી.

૬ જુદા જુદા ધંધાઓ થોડા ઘણા અજમાવવા જોઇએ; રાંધતાં જરૂર શીખવું.

૭ વપરાતી કુંચી હુમેશાં ચકચકિત રહે, નહીંતો કાટ ખાય; તેમ શરીર જેમ વપરાય તેમ જોરાવર અને મજબુત થાય.

૮ જેટલું કામ આજે થાય તે આજેજ પુરૂં કરવું, કાલ ઉપર રાખવું નહીં; કેમકે આપણને ખબર નથી કે બીજે દીવસે કેટલું કામ વધી પડશે. કાલ ઉપર ભરૂંસો રાખવો મિથ્યા છે. હુમેશાનું કામ હુમેશ પુરૂં કરી લેવું.

## करकसर.

૯ ટીપે ટીપે સરોવર ભરાય, અને કાંકરે

કાંકરે પાળ બંધાય; તેમ પૈસે પૈસે પૈસાદાર થવાય; એક પૈસો બચાવ્યો તે એક પૈસો કમાયા બરાબર છે.

૧૦ જે વસ્તુનો હાલ ઉપયોગ નથી, તે વસ્તુ કદી પણ ખરીદવી નહીં. ખોટા શોખ રાખવા નહીં. ગજા પ્રમાણે દેખાવ રાખવો.

૧૧ પોતાની કમાણીનો સાધારણ માણસોએ ત્રીજો ભાગ ખરચ કરવો, અને તે ત્રીજાનો ચોથો ભાગ એટલે તમામ કમાણીનો બારમો ભાગ ચલુ ધર્મ ખાતે જુદો રાખવો. બચાવેલો ભાગ અગત્યના પ્રસંગે તથા વૃદ્ધાવસ્થામાં ઘણો ઉપયોગી થઇ પડે છે.

## ભણતર.

૧૨ આપણે ભણી ઊતર્યા એમ કદી માનવું નહીં. આખી જીંદગી સુધી નિ-

વીહુના કામ સાથે ભણતર—વાંચવા લખવા—માં લક્ષ રાખવું.

૧૩ ભણેલું ભુલવું નહીં એટલે તે વીચારવું, ને બીજું નવું શીખવું.

૧૪ બાલ્યાવસ્થામાં ભણતરની સાથે સંસારનું જ્ઞાન અને તેટલુંજ—અર્થાત સંસારી જ્ઞાન ઉપર બહુ લક્ષ નાહીં રોકતાં અને તેટલુંજ—મેળવતાં જવું. ભણતર શા ઉપયોગનું છે, ને તેથી શો ફાયદો થશે તે ઉપર, ડાહ્યા માણસોને પુછી વીચાર કરવો.

૧૫ ભણવું એ નોકરીનેજ માટે છે એમ કદી ધારવું નહીં. નોકરી ન મળે તો એકાદ ધંધો શીખવો કે તેમાં ભણતરના જ્ઞાનથી સેહેલાઇ પડે. "ભણ્યા પણ ગણ્યા નહીં" એમ ન થવા માટે નીશાળ છોડયા પછી જે ધંધે ચડવું

હોય તે શીખવાને માટે તેવા ધંધાવાળાને ત્યાં ઉમેદવારી કરવી; તેમાં શરમ રાખવી નહીં.

## અનુભવ.

૧૬ કોઇ પણ પ્રમાણિક ધંધો કરવામાં નાનપ અથવા હલકાઇ નથી. મેહેનતુ થઇને નવા નવા હુનર અને કામ શીખવાં, કે કમાણી તથા આબાદી થાય.

૧૭ જે કોઇ માણસ પ્રમાણિક રીતે ઝાઝું કમાતો હોય, કે ઝાઝું ભણી શકતો હોય તેની સોબત કરવી.

૧૮ ઇશ્વરી હુકમ તોડવો નહીં; ધર્મની તકરાર બાબતમાં પુરતા જ્ઞાન વીના, તથા રાજના કામમાં રાજ્ય નોકર નહીં હોઇએ તો બનતાં લગી હાથ નાંખવો નહીં.

૧૯ કોઇની ગુપ્ત વાત જાહેર કરવી નહીં,

એટલે મર્મ પ્રકાશવા નહીં.

૨૦ કજીયા વેહોરવા નહીં. તેમ કજીયો થતો હોય ત્યાં, જો આપણે સંબંધ ન હોય તો ઊભા રહેવું નહીં; કારણ આપણે કશું જાણતા ન હોઇએ તો પણ સાક્ષી તરીકે અદાલતોમાં કામ ચુકીને અથડાવું પડે છે.

૨૧ ખરચ બાબત મોટાઓની બરોબરી કરવી નહીં.

૨૨ કોઇનું કે દુશ્મનનું પણ ખરાબ ઇચ્છવું નહીં; કેમકે તેથી આપણુંજ ખરાબ થશે.

૨૩ રૂચી ઉપરાંત ખાવું નહીં, ને ખાવામાં સ્વાદ રાખવા નહીં; કોઇ વખત ફક્ત એકલા રોટલા કે રોટલીથી ચલાવી લેવું, ને એવી ટેવ પાડવી. જુદી જુદી વીકારવાળી ચીજો એકી સાથે ને એકી ટંકે ખાવી નહીં.

૨૪ સરત અને સટ્ટા (કબાલા) કરવાં નહી, કેમકે તેથી કોઇને ફાયદો થતો નથી.

૨૫ જન્મનું દુઃખ, એટલે—સ્ત્રી વાંઝણી, પુરૂષ નિર્માલ્ય, શરીરમાં કાંઇ ખોડ અથવા ગરીબાવસ્થા—વીગેરે જે મળ્યું, તેનો હમેશાં મનમાં કલેશ રાખવો નહીં; પણ સંતોષ પકડી, ઇશ્વર આરાધનાની સાથે ઉપાય કરવા.

૨૬ તંદુરસ્તી જાળવી કામ કરવું; કાંઇ કામ ઊતાવળથી કરતાં વાગ્યું કે થાકી ગયા ને તેથી જે રોગ થશે તે, માણસને ઓછામાં ઓછા ત્રણ દીવસ રોકશે; ને ત્રણ દીવસમાં ધીરેથી કામ કરતાં તેથી બમણું થશે.

૨૭ દુર્ગુણ એટલે દુનીઆથી કેવાતો ખરાબ ગુણ તજી દેવો. મન તથા ઇંદ્રિઓ કબજામાં રાખવી.

૨૮ ક્રોધ પણ કામમાં આરપાર માહેતગાર

ર થયા પેહેલાં સાહસ કરવું નહીં.

૨૯ કોઇ મનુષને ધીકારવું નહીં; રાજા અને રંક, માણસ તરીકે એક છે. ભીક્ષુકને જોઇતી ચીજ શકતી મુજબ આપવી, નહીં તો ટાઢો જવાબ આપી પાછો વાળવો; પણ ભીક્ષુક જાણી તાછડાઇ વાપરવી નહીં.

૩૦ દરેક મનુષ્યે ખાસ એક ધંધો અગર હુન્નર પરિપુર્ણ શીખી રાખવો; કે જેથી વસીલો તુટ્યા પછી પણ પોતાનું ગુજરાન ચલાવી શકાય.

૩૧ કોઇ જાતનું દુર્વ્યસન કરવું નહીં. સોપારી સરખું પણ બનતાં લગી તજવું.

૩૨ નાનેથી પદ્દવીમાં મોટો થએલો તેને નાનો ગણવો નહીં. ફ્રાંસનો શાહેનશાહ અને એક વખત આખા યુરોપને ધ્રુજાવનાર "નેપોલ્યન બોનાપાર્ટ" એક ગરીબ માને પેટે નાના ગામડામાં જન્મ્યો હતો.

૩૩ પુન્ય કે પરમાર્થ કર્યું કે કરવું હોય તેની, લક્ષ્મી ક્યાંઇ મુકી હોય તેની, પોતાની સ્રીની અને આપણી ગરીબાઇની—એટલી વાત કોઇ પાસે કરવી નહીં. તથા આપણા વિચાર પાર પડે ત્યાં સુધી જાહેર કરવા નહીં, કારણ તેથી નુકશાન પણું છે.

૩૪ કોઇ માણસ નોકરીમાં હોય તે વખતે, પોતાની નોકરી તરફથી સહવાસ થયેલા માણસો પાસેથી શાક પાંદડું પણ તેણે લેવું જોઇએ નહીં. યાદ રાખવું કે જ્યારે નોકરી નહીં હશે ત્યારે ઘેરે બેઠા કોઇ આપવા આવશે નહીં. લાંચ કે ઇનામ લેવું નહીં, કારણ કે તે વાત કદી છુપી રહી શકતી નથી. ન્યાય વખતે શત્રુ મીત્રને સમાન ગણવા. અધિકારે કરી શત્રુને દુઃખી કરવો નહીં, ને મીત્રની વગ કરવી નહીં. મી-

અને પોતાની ઘેર લઇ જઇ મેમાન ગત કરવી, તથા શત્રુને ખાનગી બળથી મારવો.

૩૫ કોઇની વાત તથા કોઇના દુર્ગુણ બીજા પાસે કહેવા નહીં, ફક્ત પોતાના મિત્રને સલાહ વખતે તેના દુર્ગુણ બતાવવા.

૩૬ માબાપ, ગુરૂ તથા ઉપરીનું ખરાબ બોલવું કે ઇચ્છવું નહીં.

૩૭ જે વાતથી આપણું મૃત્યુ થાય તે વાત સ્રીને કહેવી નહીં, કેમકે સ્રીના મનમાં વાત કદી રહેતી નથી.

૩૮ ચોરી, વ્યભિચાર, અસત્ય, તથા વિશ્વાસઘાત એ ચાર કદી કંઠ પ્રાણ આવે તો પણ કરવાં નહીં. મૂળ સાચું બોલવાની પ્રકૃતી રાખવી, આથી દુર્ગુણ તમામ દુર થાયછે.

૩૯ બેરવ્યાજબી પૈસો કદી પણ ઘરમાં રા-

ખવો નહીં. કારણ મરતી વખતે કાંઇ સાથે આવતું નથી. થાપણ કોઇની ઓળવવી નહીં.

૪૦ જડેલી વસ્તુ રાખવી નહીં, કેમકે તે એક જાતની ચોરી છે. જડેલી વસ્તુ જાહેર કરવી.

૪૧ ગાળો ભાંડવી તે એક જાતનું જુઠાણું છે; ક્રોધમાં પણ ગાળો દેવી નહીં.

૪૨ પોતાનામાં કયા કયા દુરગુણો છે તે ઓળખવા, અને તે સુધારવા કે જેથી સુખ મળે.

૪૩ બીજાની ગરીબાઈ ઉપર વિચાર કરવો, તથા તે કેમ ગુજરાન કરે છે તે જોવું; તેમજ તેને જે ચીજની જરૂર હોય તે યથાશક્તી પુરી પાડવી. આથી તે અંતરની આશીશ દેશે, અને તેથી તમને બમણું મળશે એ સંસય વગરની વાત છે.

૪૪ સ્ત્રી સમાગમમાં "અતિશય તે વર્જ-

તમ્ " એ વાક્ય યાદ રાખવું.

૪૫ દરેક કૃત્ય કરતી વખતે પહેલાં તે પોતાને લાગુ પાડી જોવું, એટલે દરેક કૃત્ય કરતાં પહેલાં તે આપણને લાગુ પાડતાં જો તે આપણને નઠારૂં લાગે તો ન કરવું; ને સારૂં લાગે તો કરવું. આપણી કાંઇ ચીજ ચોરાય તો આપણને કેવું વસમું લાગે છે, તેવું સૌને લાગે, માટે ચોરી ન કરવી; તેવીજ રીતે વિશ્વાસઘાત, વ્યભિચાર તથા જુઠું બોલવું એ વગેરે દરેક કૃત્યમાં વિચારવું.

૪૬ ઉપલી રીતથી પાપ તથા પુણ્ય પણ પારખી શકાય છે.

૪૭ દરેક ચીજના વેપારમાં અમુક ફાયદા ઠરાવા-એટલે રૂપીઆના અઢાર આના કે સવા રૂપીઓ ઠરાવી એકજ ભાવે નાના છોકરાંને, અભણને, અ-

મુલને, કે હુશીઆરને એ સરવેને સરખે ભાવે વેચવું. ધંધામાં કોઇને છેતરવું નહીં, એક ચીજ દેખાડી તેનો ભાવ કરીને બીજી ચીજ આપવી નહીં. આ નિયમ સાચવી રાખવાથી આગળ જતાં પરીણામે પોતાની દુકાનની પ્રખ્યાતી થઇ ઘરાક વધશે, ને દુકાનમાં કમાણી તથા આબાદી થશે. સોદો બને અગર ન બને તો પણ ઘરાકની સાથે જીભ મીઠી રાખવી, કે તે હાંશેથી ફરીને આપણીજ દુકાને આવે.

૪૮ બેકદર શેઠની નોકરી કરવી નહીં, કેમકે તેથી આપણી કીમત ઘટેછે.

૪૯ પાડોશી સાથે વેર કરવુ નહીં, કેમકે તે આપણી ઘણી વાતો જાણતો હોય.

૫૦ અંગ ઉધારે પૈસા ધીરવા નહીં; કેમકે તેથી સામા આપણે તેને ઘેર ધક્કા ખાવા પડેછે.

૫૧ "ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે" એટલે
થોડાક પૈસા ગજા પ્રમાણે હમેશાં આ-
પણી પાસે ગજવામાં રાખવા; અને
જે શીખ્યા હોઇએ તે મોઢે યાદ કરી
રાખવું.

૫૨ મેવો મીઠાઇ પૈસા ખરચી એકલાં ખા-
વું નહીં, કેમકે તેથી જીભને સ્વાદ
વધવાથી ઘણા પૈસા ગુમાવાય છે. જો
તેવી ચીજ ખાવાનું મન થાય તો પાં-
ચ પંદરે એક વખત લાવી સઘળું કુંબ
નોકર ચાકરોમાં વેહેંચીને ખાવું.

૫૩ વ્યભિચારી, ચોર, ઠગારા, આપસ્વા-
ર્થી, જુગટીઆ, વિશ્વાસઘાતી, ક્રોધી,
જુઠા અને માબાપ તથા ગુરૂ પ્રત્યે
અવિનયી, એટલા માણસોની સોબત
કરવી નહીં.

૫૪ મિત્રની સ્ત્રી સાથે ઝાઝો પરિચય
રાખવો નહીં, તથા અસભ્ય વાતચીત
કરવી નહીં.

૫૫ ગજા ઉપરાંત લુગડાં ઘરેણાં પેહેરવા-
માં હલકાઇ છે. સાદાઇમાં ગંભીરાઇછે.

૫૬ દરેક ચીજ ટાણે મળે તે નાણે મળે
નહીં—એટલે કોઇ ચીજ કોઇ વખતે
સોંઘી હોય તે વખતે તે ચીજ—જો આપ-
ણને ઉપયોગી પડે તેમ હોયતો—
ખરીદીને સંઘરવી.

૫૭ અડધો રોટલો મુકી આખાને બાઝવું
નહી.

૫૮ જરૂર પડે ત્યારે પરદેશ જવાથી ડરવું
નહીં.

૫૯ ખડ માંકડીની પેઠે એક પગ ઠરાવી
બીજો ઉપાડવો; એટલે બીજી નોકરી
નક્કી કરીને પેહેલી છોડવી, અને એજ
રીતે દરેક પ્રસંગમાં વર્તવું.

૬૦ સારી વખતમાં નાતવરા કરી ફુલાવું
નહીં, કેમકે આપણી કે દીકરાની ગ-
રીબ અવસ્થામાં કરજ કરી તેવા વરા

કરવા પડે છે.

૬૧ બીજાનાં મેણાં સાંભળી કરજ કરીને વરો કરવો નહીં, કેમકે તે કરજ અદા કરવાને ઘણાં વરસ સુધી દુખી રહેવું પડે છે. પોતાની સત્તા જોઇ ચાલવું.

૬૨ દીકરાઓને તે ભણે ત્યાં સુધી ભણાવવામાં ખલલ કરવી નહીં; ભણી ન શકે ત્યારે એકદમ હરકોઇ ગુજરાનના રસ્તે ચડાવી દેવા.

૬૩ તરતાં જરૂર શીખવું; કારણ ઓચીંતા પાણીમાં પડી જવા વખતે તે કળાથી જીવ બચાવી શકાય. પણ તરતાં આવડ્યા પછી હમેશાં પાણીના નવાણ સાથે આશીંગો રાખવો નહીં.

૬૪ ગમ ખાવી એ ડાહ્યા પુરૂષનું સર્વોત્કૃષ્ટ ભોજન છે. ક્રોધને વખતે શાંત થઇ જવું.

૬૫ આત્મઘાત કદી કરવો નહીં, એવે વ-

ખતે બને તો સંસાર છોડી સાધુ બની જવું, કે જેથી આ ભવની સાથે પર ભવનું પણ કલ્યાંણ થાય.

૬૬ ઘરમાં કજીઓ થવા દેવો નહીં, તેમ ઘરમાંના કોઇ માણસને ઘડીએ ઘડીએ ખીજવવું નહી, એવા બનાવોથી ઘર-ની લક્ષ્મી નાશ પામે છે, સ્ત્રીની પ-ક્ષમાં રહી માબાપની સાથે લડવું નહીં; તેમજ સ્ત્રીને સખત ઠપકો આપવો. પણ ગેરચાલ વગર માર મારવો નહીં.

૬૭ સ્ત્રીએ પતિવ્રત પાળવું, અને પતિએ પત્નીવૃત પાળવું; એમાં સર્વ સુખો રહેલાં છે. પરણેતર સીવાય બીજાંને મન આપવું એના જેવું બીજું દુઃખ નથી.

૬૮ કરવાં ધારેલાં સુભ કામ જલદી પુરાં કરવાં. પણ તેને વીશે અત્યંત આકાં-ક્ષા રાખવી નહીં. તેમજ ધીરે ધીરે

બનશે ત્યારે ખરૂં, એમ પણ ધારવું નહીં. આત્માનું કલ્યાંણ કરવાના કામમાં જરાએ ઢીલ રાખવી નહીં, આપણે ધારીએ કે તે વૃદ્ધાવસ્થામાં કરશું, પણ બીજી તરફથી વીચારવું કે કાલે શું થશે તે જાણી શકાતું નથી.

૬૯ ધૈર્ય—ગમે તેવી વિપત્તીમાં પણ ધૈર્ય છોડવું નહીં, એથી આપણા સદ્ગુણો જેવાં કે શૌર્ય, સત્ય, સંતોષ તથા શિયળ વગેરે સચવાય છે. અને દુઃખની સામે થવાની હીંમત આવે છે. સૃષ્ટી ઉપરની તમામ ચીજને તડકો છાંયો લાગે છે. માટે બીજાને સુખી જોઇ આપણા દુઃખ માટે ગભરાવું નહીં. પણ ધીરજ રાખી પ્રમાણીકપણે ઉપાય કરવાથી જરૂર તે દુઃખ મટી જશે.

૭૦ સંતોષ—આપણા કરતાં ઊંચી સ્થીતિવાળાને જોઇ આપણી સ્થીતિ માટે

શોચ કે દીલગીરી કરવી નહી, પણ આ-
પણાથી હલકા માણસોની સ્થીતિ
જોઇ તેના કરતાં આપણે વધારે સુખી
છીએ એમ ધારવું; તેથી સંતોષ દ્રઢ
રહે છે, પણ તેથી વધારે મેળવવાને
માટે પયત્ન ન કરવો એવો તેનો અ-
ર્થ ન ધારવો. ઉદ્યમ કરતાં જે મળે
તેમાં સંતોષ માનવો. સંતોષીને સ્વ-
ર્ગ તુલ્ય સુખ છે, અવદશા આવતી
નથી, ને સઘળી ચીજો તેને આનંદદા-
યક લાગે છે. અદેખાઇ એ સંતોષી
શરીરને મારી નાખનારૂં ઝેર છે. સંતોષ
એ અદેખાઇથી દુર્બળ થએલા શરીરને
પુષ્ટ બનાવે છે.

૭૧ અગમ બુદ્ધી—દરેક મનુષ્યે રાખવી જો-
ઇએ, એટલે કાંઇ કામ કરવા વીશે ફાયદા
ગેરફાયદાનાં કારણો આગળથીવીચરવાં.

૭૨ સહનશીળતા—મનુષ માત્રે રાખવી.

બીજાએ પોતા તરફ કરેલી પીડા, સામું બોલ્યા કે ગુસે થયા વગર સહન કરવી એનું નામ સહનશીળતા. સહનશીળતાથી આપણુ પાપ ધોવાય છે, તમામ મનુષ્યોની પ્રીતિ મેળવી શકાય છે તેમ કોઇ, શત્રું થઇ શકતો નથી.

૭૩ શત્રુ કે મિત્ર–હરેક મનુષની આગતા સ્વાગતા સારી રીતે કરવી.

૭૪ માબાપ અને ગુરૂની સેવા કરવી, ને તેમની આજ્ઞા પાળવી.

૭૫ પરમાર્થ–એ સૌથી સર્વોત્કૃષ્ટ ગુણ છે. પરમાર્થથી સુખ, કીર્ત્તિ અને સ્વર્ગ એ ત્રણે મળે છે.

૭૬ બાળ લગન–કરવાં નહીં. કન્યા કરતાં વરની ઉમર પાંચ છ વર્ષે મોટી જોવી, પણ વૃદ્ધ વર જોવો નહીં તથા કન્યા વિક્રય કરવો નહીં.

વર કન્યાની તદ્દન અણુસમજ વયમાં લગનનાં કોલકરાર (વેવીશાળ) કરવાં તે પણ એક બાળલગ્નનો ભાગ છે. કારણ કે તે દંપતીનું જોડું. યોગ્ય અગર અયોગ્ય હોય તોપણ કરાર (વેવીશાળ) થયા પછી તે ફેરવાઇ શકાતું નથી. વગર કેળવાયલા, પૈસાદાર અને કહેવાતા કુળવાન કુટુંબ કરતાં કેળવાયલું ગરીબ કુટુંબ, કન્યા આપવાને માટે ઉત્તમ છે. તેમાં વળી કન્યા જન્મ પર્યંત સુખી થવા માટે ઘર સામું નહીં જોતાં વરની યોગ્યતા પેહેલી તપાસવી.

કન્યા કુળવાન કુટુંબમાં આપવી.

"કુળવાન" શબ્દનો અર્થ નીચે પ્રમાણે બે રીતે થાયછે.

ખોટો—હાલનો અર્થ;—દુરાચારી, દુર્વ્યસની, કુલક્ષણા, અભણ, વગર કેળવાયલા અને વૃદ્ધ એ બધાં અ-

ગર તેમાંનો કોઇબી અવગુણ હોય, પણ જો પૈસાદાર અગર ઘણી મુદતથી કહેવાતા કુળવાન અગર જાતીલા કુળમાં જન્મ પામ્યા હોય તો તે.

ખરો અર્થ;—કેળવાયલા, સદાચારી, સુલક્ષણા, અને પોતાના વેહેવારની સંપત્તિ જોઇ ચાલનારા–પછી તે પૈસાદાર કે ગરીબ હોય–અગર અસલથી કુળવાન હોય કે ન હોય-તે.

૭૭ મૃત્યુથી રડવું કુટવું નહીં. મરણ એ કુદરતી નિયમ છે. જેને આપણે મૃત્યુ કહીએ છીએ તે કાંઇજ નહીં, પણ આ સંસારમાં આવ્યા પછી પાછા જવાની આપણે આપેલી કબુલાત છે; જે કબુલાત માણી માત્રને પાળ્યા વગર છુટકો નથી, ત્યારે મૃત્યુ થાય તેમાં ખોટું

શું? રડવું શાને માટે? રડવાથી આપણે એમ દેખાડી આપીએ છીએ કે આપણી કબુલાત પાળવાને આપણે ખુશી નથી, અને એમ થયેથી કુદરતનો કાયદો તોડ્યાની કોશીશનો આપણે માથે સામો એક ગુન્હો વધે છે.

રડવા કુટવામાં છાતી અને મગજનાં દરદો ઉત્પન્ન થવાથી શરીર ઘણુંજ દુર્બળ પડી જઇને હંમેશને માટે આપણું શરીર અનેક વ્યાધીથી પીડીત રહે છે.

વળી એ આપણા કૃત્યથી આપણી પ્રજા નિર્બળ અને સંકોચીત સરીરવાળી થવાનો આપણે માથે ગુન્હો ચડે છે.

૭૮ સ્વચ્છતા—શરીર, કપડાં અને ઘરબાર સાખાં નિર્મળ રાખવાં તેમાં અગણિ-

ત ફાયદા છે. તેમ કરવામાં કાંઇ ખરચ બેસતું નથી, ફક્ત હાથની મેહેનત અને ચતુરાઇનું કારણ છે.

પ્રભાતમાં વેહેલા ઉઠી દંતધાવન કરી તરત સ્નાન કરી લેવું. એ સંસારી મનુષનો પેહેલો અને મુખ્ય ધર્મ છે, અને તેમ કરવાથી સારી ખુશી આવેછે.

કપડાં અને ઘરબાર ગજા સંપજ સાદાં અને હલકાં હોય તેની ચીન્તા નહીં, પણ તે શુદ્ધ અને સ્વચ્છ રાખવાથી જરી અને હવેલીઓ કરતાં વધારે શોભા અને સુખ આપેછે.

સુઘડ માણસો એદી કરતાં વધારે નિરોગી અને પુષ્ટ હોય છે.

સમાપ્ત.

# આ ચોપડી

નિશાળો, કન્યાશાળાઓ અને જૈન-શાળાઓ વીગેરે ઠેકાણે ઇનામ વહેંચવા તથા એવાંજ કામ માટે જો કોઇ જથાબંધ મંગાવશે તો અરધી કીંમતે આપવામાં આવશે. તે સંબંધી લખવું હોય તો લીંબડી મધ્યે "જૈન જ્ઞાતિ પ્રસારક અને તત્વ શોધક" સભાના પ્રેસીડંટ જોગ લખવું.

---